# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-07-2026 Day: Tuesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## સર્વોચ્ચ અદાલત-રામમંદિર ટ્રસ્ટમાં દાનમાં ગેરરીતી:

**સર્વોચ્ચ અદાલતે અયોધ્યા રામ મંદિરના દાનમાં કથિત ગેરરીતિ મામલે ઉત્તર પ્રદેશ સરકારે રચેલી સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ, SIT ને તપાસની સ્થિતિનો અહેવાલ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ મામલે અદાલતે CBI તપાસની માગ કરતી અરજીઓ પર કેન્દ્ર સરકાર, ઉત્તર પ્રદેશ સરકાર અને શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને નોટિસ પણ પાઠવી છે. દેશના મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને ન્યાયમુર્તિ જોયમલ્યા બાગચી અને વી. મોહનની અધ્યક્ષતાવાળી ખંડપીઠે અરજીઓની સુનાવણી કરી.**

**અગાઉ 13 જૂને ઉત્તર પ્રદેશ સરકારે મંદિરના દાનમાં ગેરરીતિના આરોપો બાદ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની વિનંતી પર ત્રણ સભ્યોની SITની રચના કરી હતી.**

**---------------------------------------------------------------------------------------------**

## રાજ્યમાં ચાંદીપુરા વાયરસ-ઉચ્ચસ્તરની સમીક્ષા બેઠક:

**રાજ્યમાં ચાંદીપુરા વાયરસના કારણે એક પણ બાળકનું મૃત્યુ ન થાય તેની કાળજી લેવા આરોગ્ય તંત્રને તાકીદ કરવામાં આવી છે. ગાંધીનગરમાં યોજાયેલી ઉચ્ચસ્તરની સમીક્ષા બેઠકમાં આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ જણાવ્યું, રાજ્યમાં ચાંદીપુરા વાયરસના કુલ 27 શંકાસ્પદ કેસના નમૂનામાંથી સાત નમૂના પૉઝિટિવ અને 12 નેગેટિવ આવ્યા છે. વાયરસના નિયંત્રણ માટે આરોગ્ય તંત્રને દવાઓ, તેના છંટકાવ અને દેખરેખની કામગીરી સઘન બનાવવા આદેશ અપાયા હોવાનું પણ શ્રી પાનશેરિયાએ ઉમેર્યું.**

**---------------------------------------------------------------------------------------------**

## અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની 149મી રથ યાત્રાની તૈયારી પુર્ણ:

**અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની 149-મી રથયાત્રાની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. આ અંગે જમાલપુર જગન્નાથજી મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ કહ્યું, આગામી 16 તારીખે ઐતિહાસિક અને પૌરાણિક રથયાત્રા ભવ્ય રીતે યોજાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વહેલી સવારે પહિંદ વિધિ કરી રથયાત્રાનો પ્રારંભ કરાવશે. રથયાત્રાના દિવસે મંગળા આરતી બાદ આદિવાસી નૃત્ય અને રાસ-ગરબાના કાર્યક્રમ યોજાશે. જ્યારે રથયાત્રા દરમિયાન ભક્તોને 45 હજાર કિલો મગ, 500 કિલો જાંબુ સહિતના પ્રસાદનું વિતરણ કરાશે.**

**આ પુર્વે આજે ભગવાનની નેત્રોત્સવ પૂજા, ધ્વજારોહણ અને સંત સન્માન સહિતના ધાર્મિક કાર્યક્રમ યોજાશે.**

---

## ઓસ્ટ્રેલિયા,ન્યુઝીલેન્ડ સાથે મુક્ત વ્યાપારનો ફાયદો કંડલા ટીમ્બર ઉધોગને:

**કેન્દ્ર સરકાર દ્વારા ઓસ્ટ્રેલિયા બાદ ન્યૂઝીલેન્ડ સાથે પણ મુકત વ્યાપાર કરાર કરાતાં કંડલાના ટિમ્બર ઉદ્યોગને વધુ ફાયદો થશે. આ સંદર્ભેના પ્રધાનમંત્રીના પ્રવાસમાં કંડલા ટિમ્બર એસોસીએશનના પદાધિકારીઓ પણ જોડાયા હતા. આ પ્રવાસ દરમ્યાન વિવિધ ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી તેમજ ટિમ્બર સહિતના ઉત્પાદનોના ફ્રી ટ્રેડ અંગે ચર્ચા - વિચારણા કરાઈ હતી.**

**ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડથી એક જ પ્રકારનું ટિમ્બર આયાત થાય છે, જેમાં પાઈન વૂડ મુખ્ય છે. આ બન્ને દેશોમાંથી આવતા ટિમ્બર ઉપર 5.5 ટકા ડયૂટી લાદવામાં આવેલી હોય છે. ઓસ્ટ્રેલિયા સાથેના કરાર લાગુ થઈ ગયા હોવાથી ડયૂટી ભરવી નથી પડતી. હવે ન્યૂઝીલેન્ડ સાથેના કરાર પણ થયા બાદ વધુ 5.5 ટકા ડયૂટીમાંથી મુક્તિ મળશે, જેથી આગામી દિવસોમાં આ ઉદ્યોગને વધુ આર્થિક રાહત મળશે.**

---

# જિલ્લા પંચાયતની સમિતિઓના ચેરમેનની વરણી:

સામાન્ય સભામાં જિ. પંચાયતની વિવિધ સમિતિની રચના કરાયા બાદ સાત સમિતિના ચેરમેનની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જિ. પંચાયતની સૌથી મહત્ત્વની મનાતી કારોબારી સમિતિના ચેરમેન પદે સુખપર બેઠક પરથી ચૂંટાયેલા હરીશ નાનજી ભંડેરીની સર્વાનુમતે વરણી કરાઇ હતી. સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે મંજુલાબેન મૂળજીભાઇ ચાવડા, શિક્ષણ સમિતિના ચેરમેન પદે દિનેશભાઇ ગોપાલભાઇ રૂડાણી, જાહેર આરોગ્ય સમિતિના ચેરમેન તરીકે રણજિતસિંહ અગરસંગ જાડેજાની નિયુક્તિ કરવામાં આવી હતી. બાંધકામ સમિતિના ચેરમેન તરીકે વાઘજીભાઇ દેવકરણ છાંગા તો ઉત્પાદન, સહકાર અને સિંચાઇ સમિતિના ચેરમેન તરીકે નયનાબેન વણવીર રાજપૂત, જ્યારે મહિલા બાળ વિકાસ અને યુવા પ્રવૃત્તિ સમિતિના ચેરપર્સન તરીકે પુષ્પાબેન રાજેશ વરાયાની નિયુક્તિ કરવામાં આવી છે. નોંધનીય છે કે, જિ. પંચાયતની આઠમી સમિતિ અપીલની હોય છે, જેના ચેરમેન પદે હોદ્દાની રૂહે જિ. પંચાયત પ્રમુખ ચેરમેન પદ સંભાળતા હોય છે.

---

# ક્રિકેટ:

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચેની  ત્રણ વન ડે મેચની શ્રેણીનો  આજ થી આરંભ થાય છે. આજે પ્રથમ વન-ડે-મેચ નોર્થમ ટન બર્મિંગહામ ખાતે ભારતીય સમય મુજબ બપોરે સાડા ત્રણ વાગ્યે શરૂ થશે.

દરમ્યાન ભારત અને ઇંગ્લેન્ડની મહિલા ટીમો વચ્ચેની લંડનના લોર્ડ્સ મેદાન પરની પ્રથમ ઐતિહાસિક ટેસ્ટ મેચમાં ભારતીય મહિલા ટીમે ઇંગ્લેન્ડની મહિલા ટીમને 270 રન થી પરાજિત કરી હતી. ભારતીય ટીમે બીજા દાવમાં જીતવા માટે આપેલા 456 રનના લક્ષ્યાંક સામે ઇંગ્લેન્ડની ટીમ 186 રનમાં આઉટ થઈ ગઈ હતી.

---

હવામાન:

**કચ્છમાં સાર્વત્રિક મેઘકૃપા વરસી નથી, ત્યારે હજુ આગામી સપ્તાહ દરમિયાન જિલ્લામાં મેઘમહેર થાય તેવી શક્યતા ખૂબ ઓછી હોવાનું હવામાન વિભાગના વર્તારામાં અનુમાન વ્યક્ત કરાયું છે. જિલ્લામાં ચારેક દિવસથી તેજ ગતિએ ફૂંકાઇ રહેલા પવનની ઝડપમાં આંશિક ઘટાડો જોવા મળ્યો હતો. ભુજ અને કંડલા બંદરે મહત્તમ 35 ડિગ્રી સેલ્સિયસ, કંડલા હવાઈ મથકે 35.6 ડિગ્રી મહત્તમ ઉષ્ણતામાન નોંધાયુ હતું.**

---